અપીલ અરજી નં.૨૩૪ તા.૧૮–૧૧–૦૮

અરજદારઃ શ્રી હીરજીભાઈ બેચરભાઈ પટેલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હીરજીભાઈ બેચરભાઈ પટેલની તા.૨૯–૯–૦૮ ની અરજીથી મોજે અશ્વનીકુમાર નવાગામ ટી.પી.૪ ના ફા.પ્લોટ નં.૧૭૪–બી જેમા હંસ કો–ઓ.હાઉસીંગ સોસાયટીમાં બંગલા નં.૮૧–એ ની પશ્ચિમે સોસાયટી ના આંતરીક રસ્તા ઉપર બરોબર વચ્ચે લંબે હનુમાન રોડ ટચ થતા આંતરીક રસ્તા ઉપર કોમર્શીયલ શોપીંગ સેન્ટર બનાવેલ છે. અને રસ્તો બંધ કરેલ છે તે બાબતેમુદ્દા નં.૧ થી ૩ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૪/૨૦૦૮–૦૯

શ્રી હીરજીભાઈ બેચરભાઈ પટેલની તા.૨૯–૯–૦૮ ની અરજીથી મોજે અશ્વનીકુમાર નવાગામ ટી.પી.૪ ના ફા.પ્લોટ નં.૧૭૪–બી જેમા હંસ કો–ઓ.હાઉસીંગ સોસાયટીમાં બંગલા નં.૮૧–એ ની પશ્ચિમે સોસાયટી ના આંતરીક રસ્તા ઉપર બરોબર વચ્ચે લંબે હનુમાન રોડ ટચ થતા આંતરીક રસ્તા ઉપર કોમર્શીયલ શોપીંગ સેન્ટર બનાવેલ છે અને રસ્તો બંધ કરેલ છે જેના મુદ્દા નં.૧ થી ૩ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૮૬૧ તા.૭–૧૧–૦૮ થી મુદ્દા નં.૧થી ૩ ના આપેલ જવાબો તદ્દન ખોટા આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૪ તા. ૨૧–૧૧–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૬૧ તા.૧૭–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં મોજે અશ્વનીકુમાર નવાગામ ટી.પી.૪ ના ફા.પ્લોટ નં.૧૭૪–બી જેમા હંસ કો–ઓ.હાઉસીંગ સોસાયટીમાં બંગલા નં.૮૧–એ ની પશ્ચિમે સોસાયટી ના આંતરીક રસ્તા ઉપર બરોબર વચ્ચે લંબે હનુમાન રોડ ટચ થતા આંતરીક રસ્તા ઉપર કોમર્શીયલ શોપીંગ સેન્ટર બનાવેલ છે અને રસ્તો બંધ કરેલ છે જેના મુદ્દા નં.૧ થી ૩ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ /૮૬૧ તા.૭–૧૧–૦૮ થી માહિતી પૂરી પાડેલ છે. જે અનુસાર " રસ્તા પરના કોર્મશીયલ સેન્ટર બાબતે માહિતી ઉપલબ્ધ નહી હોવાનું તથા બીજા મુદ્દા અંગે મંજુરી વિના બાંધકામ કરેલ હોય અને નિયમબધ્ધ થઈ શકે તેમ ન હોય તો બાંધકામ દુર કરી શકાય તથા મુદ્દા નં.૩ અંગે સામાન્યતઃ રસ્તા પર કોર્મશીયલ દુકાન બનાવી શકાય નહી પરંતુ પ્રવર્તમાન ડી. સી.આરની જોગવાઈઓને સુસંગત હોય તો પરવાનગી મળી શકે તેવી માહિતી આપેલ છે.

અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપેલ છે જે અધુરી, ગોળગોળ અને ખોટી આપેલ હોવાનું જણાવેલ છે.મુદ્દા નં.૧ અંગે અરજદારે માંગેલ માહિતી મંજુરી લઈને બનાવેલ છે કે કેમ? તેમ પુછેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મંજુરી આપ્યાના કેસોનું દફતર પરથી હકીકતલક્ષી સ્પષ્ટ માહિતી પૂરી પાડી શકાય તેમજ દફતર ઉપલબ્ધ નહીં હોવા સબંધે લાગત દફતરનું ઈન્સ્પેકશન પુરું પાડી શકાય. જયારે મુદ્દા નં.૨ અને ૩ બંન્ને મુદ્દા સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી હેઠળના આરટીઆઈની કલમ–૪ હેઠળ સમાવિષ્ટ થતા પૈકીના જણાય છે. નાગરિક અધિકાર પત્રમાં પણ સમાવિષ્ટ માહિતી પ્રકારના છે જે અંગે ચોકકસ માહિતી કાયદા અને નિયમોને અનુલક્ષી આપી શકાય.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને મુદ્દા નં.૧ અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન– ૭ માં ઉપલબ્ધ કચેરી દફતરનું ઈન્સ્પેકશન પુરું પાડવા તથા મુદ્દા નં.૨ અને ૩ અંગે સ્પષ્ટ અને ચોકકસ હકીકતલક્ષી માહિતી દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ– ૭ (૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮૯૫
તારીખ : ૨૪–૧૨ –૦૮.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હીરજીભાઈ બેચરભાઈ પટેલ, ૩૫, હંસ સોસા., વરાછારોડ, સુરત.,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.